# રાજ કુંદ્રાની ડિજિટલ ઍપ્લિકેશન માટે ૧૦૦ પૉર્ન ફિલ્મો બનાવાયેલી

**ધરપકડ ટાળવા કુંદ્રાએ પચીસ લાખની લાંચ આપેલી?**

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* પૉર્નોગ્રાફિક ફિલ્મ્સ કેસમાં ધરપકડ કરાયેલા અભિનેત્રી શિલ્પા શેટ્ટીના બિઝનેસમૅન પતિ રાજ કુંદ્રાની ડિજિટલ ઍપ્લિકેશન માટે ૧૦૦થી વધુ પૉર્ન ફિલ્મો બનાવવામાં આવી હોવાનો દાવો ક્રાઈમ બ્રાન્ચે કર્યો હતો. કુંદ્રાની અંધેરી સ્થિત ઑફિસમાંથી જપ્ત કરાયેલા સર્વરની તપાસમાં મોટા ભાગના ડેટા ડિલિટ કરવામાં આવ્યા હોવાનું જણાયું હતું.

ક્રાઈમ બ્રાન્ચની પ્રોપર્ટી સેલના અધિકારીઓએ ધરપકડ કરેલા રાજ કુંદ્રા અને રાયન થોર્પે ૨૩ જુલાઈ સુધીની પોલીસ કસ્ટડીમાં છે. આ કેસમાં વધુ પૂછપરછ માટે પોલીસ બન્નેની પોલીસ કસ્ટડી વધારવાની માગ કરશે.

તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે રાજ કુંદ્રાની ઍપ્લિકેશન ઑગસ્ટ, ૨૦૧૯માં શરૂ થઈ હતી, જેના પર અશ્લીલ ફિલ્મો મૂકવામાં આવતી હતી. છેલ્લાં દોઢ વર્ષમાં આ ઍપ માટે ૧૦૦થી વધુ પૉર્ન ફિલ્મો બનાવવામાં આવી હતી. આ ઍપ્લિકેશન પર વીસેક લાખ જેટલા સબ્સ્ક્રાઈબરે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, જેના થકી તેણે કરોડો રૂપિયાની કમાણી કરી હતી, એમ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન ક્રાઈમ બ્રાન્ચે કુંદ્રાની અંધેરી પશ્ચિમમાં આવેલી ઑફિસમાં સર્ચ હાથ ધરી હતી. જે સર્વરમાં ડેટા સેવ થયા હતા તેને પોલીસે જપ્ત કર્યું હતું. સર્વરમાં ઘણો ડેટા હોવાનું જણાયું છે. જોકે મોટા ભાગનો ડેટા ડિલિટ કરી નાખવામાં આવ્યો હોવાથી તેને પાછો મેળવવાનું કામ ચાલી રહ્યું છે. આ માટે ફોરેન્સિક નિષ્ણાતની પણ મદદ લેવામાં આવી રહી છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

બીજી બાજુ, રાજ કુંદ્રા પૂછપરછમાં સહકાર ન આપતો હોવાનો દાવો પોલીસ કરી રહી છે. અનેક સવાલોના જવાબ આપવાનું તે ટાળી રહ્યો છે. એ સિવાય તેના પર લગાવવામાં આવેલા આક્ષેપોનું તે ખંડન કરી રહ્યો છે. કુંદ્રાએ પોલીસને કહ્યું હતું કે તેણે પૉર્ન ફિલ્મો બનાવી જ નથી. જોકે કુંદ્રા વિરુદ્ધ પૂરતા પુરાવા હોવાનો દાવો પોલીસે કર્યો હતો. ■



**તોડકામ:** ક્રાફર્ડ માર્કેટની નજીક આવેલી મુંબઈ મહાનગરપાલિકાની માલિકીની જર્જરિત થયેલી મચ્છીમાર્કેટની ઈમારતને તોડી પાડવામાં આવી હતી. (અમય ખરાડે)


**શ્રદ્ધાંજલિ**



**હેમલતાબેન પ્રવીણભાઈ શાહ**
(ઉ.વ.૭૬) પાટણ નિવાસી હાલ મુંબઈ કનાસાના પાડાના ગુરૂવાર તા.૨૨-૭-૨૦૨૧ના રોજ અરિહંતશરણ પામેલ છે. તેઓ પ્રવીણભાઈ વ્રજલાલ શાહ (મંત્રી)ના પત્ની, વિરેશભાઈ અને જીજ્ઞાબેન (પીન્કી)ના માતા, જીજ્ઞાબેન અને દેવાંગકમારના સાસુ, રાશી અને સ્મિતના દાદી. આયુષ અને જશના નાની અને સ્વ. કાન્તીલાલ કસ્તુરચંદ શાહના પુત્રી.
**લૌકિક વ્યવહાર બંધ છે**


# રાજ ઠાકરેની ઉદ્ધવને ચેતવણી: આમ નાગરિક માટે લોકલ ટ્રેન ચાલુ કરો, નહીં તો વિરોધ-પ્રદર્શન

*મુંબઈ:* મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ)ના પ્રમુખ રાજ ઠાકરેએ ગુરુવારે રાજ્યના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને અપીલ કરતા લખ્યું હતું કે 'લોકલ ટ્રેન બની શકે એટલી જલ્દી શરૂ કરો. કમ સે કમ જે લોકોએ રસીના બે ડોઝ લઇ લીધા હોય તેમના માટે તો શરૂ કરવી જોઇએ.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે સરકારે રસીકરણની ક્રિયા વધુ ઝડપી બને એવું અભિયાન ચલાવવું જોઇએ.

હાલમાં લોકલ ટ્રેનમાં માત્ર હેલ્થકેર અને આવશ્યક સેવા સાથે સંકળાયેલા લોકોને જ પ્રવાસ કરવાની પરવાનગી આપવામાં આવી છે.

ઠાકરેએ સામાન્ય માનવીને સ્પર્શતા મુદ્દા ઉઠાવતા જણાવ્યું હતું કે મુંબઇમાં મોટા ભાગના વ્યવસાય ચાલુ છે અને બધા જ લોકો કંઇ ઘરેથી કામ ન કરી શકે. રોજગારી માટે કલાકોનો પ્રવાસ તો કરવો જ પડે. લોકલ ટ્રેનો તો મુંબઇની લાઇફલાઇન છે અને એ જ બંધ હોય તો સામાન્ય નાગરિકની હાડમારી વધી જાય છે. આ સંજોગોમાં બસ ચાલુ હોય એટલે તેમાં પણ ખૂબ ગિરદી થાય એ સ્વાભાવિક છે. આ હાલતમાં તો કોવિડના વાઇરસ વધુ સરળતાથી ફેલાઇ શકે છે. આમ ટ્રેન બંધ રાખવાનો અને બસો ચાલુ રાખવા પાછળનો કોઇ તર્ક સમજાતો નથી.

'વિશ્વના ખૂણે ખૂણેથી નિષ્ણાતો કહી રહ્યા છે કે કોરોના વાઇરસ એટલા જલદી અદૃશ્ય થવાના નથી. આપણે તેમની સાથે જ જીવતા શીખવું પડશે. આપણે અનેક નવી પ્રેરણાત્મક નીતિ સાથે આગળ આવવું પડશે, કમનસીબે આપણને લૉકડાઉન અને પ્રતિબંધો જેવા જ શબ્દો સંભળાઇ રહ્યા છે.'

રાજ ઠાકરેએ વધુમાં જણાવ્યું હતું કે એમએનએસનો મુંબઇગરાઓને પૂર્ણ સહકાર છે અને અમે આ મુદ્દાને રસ્તા વચ્ચે લઇ જઇ લોકલ સર્વિસ સત્વરે ચાલુ કરવાની માગ કરીશું. ■

# ઉપનગરીય પ્રવાસ માટે મુંબઈગરા સવિનય નિયમભંગ કરશે: ભાજપ

*મુંબઈ:* મુંબઈમાંના સામાન્ય નોકરિયાતો, શ્રમિકને મુસાફરીની પરવાનગી ન આપનારી ઠાકરે સરકારને પાઠ ભણાવવા સામાન્ય મુંબઈગરા સવિનય નિયમભંગ કરી લોકલ ટ્રેન મુસાફરી શરૂ કરી દેશે આ મુજબની ચેતવણી ભાજપ પ્રદેશ મુખ્ય પ્રવકતા કેશવ ઉપાધ્યેએ ગુરુવારે આપેલ છે. ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ કાર્યાલય ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં બોલતા શ્રી ઉપાધ્યેએ કહ્યું હતું કે, મુંબઈમાંના પ્રવાસ સગવડ સંદર્ભે ઠાકરે સરકાર પાસે કોઈ ધારાધોરણ ન હોવાથી સામાન્ય પ્રજાની ભયંકર હાડમારી થઈ રહી છે. સામાન્ય માણસને ઉપનગરીય રેલવેમાં મુસાફરીની પરવાનગી આપવા બાબત કોઈ વાંધો ન હોવાનું કેંદ્ર સરકારે બે અઠવાડિયા પહેલાં જ સ્પષ્ટ કર્યું છે. તેમ છતાં રાજ્ય સરકાર સામાન્ય નાગરિકોને ઉપનગરીય રેલવે પ્રવાસ માટે અનુમતિ આપવાની માગણી સામે સતત દુર્લક્ષ સેવે છે.

તાળાબંધી બાબતે રાજ્ય સરકારની મમત હઠી વલણને કારણે પ્રજાનું જીવતર પહેલાં જ મુશ્કેલ બન્યું છે. સામાન્ય માણસોને લોકલ ટ્રેનમાં પ્રવાસની છૂટ આપવામાં આવે અથવા પ્રવાસ ખર્ચ પેટે પાંચ હજાર રૂપિયાનું ભથ્થું આપો, ભાજપની આ માગણી સામે રાજ્ય સરકારે દુર્લક્ષ સેવ્યું. કંટાળેલા સામાન્ય માણસો મહારાષ્ટ્રની મોરચા સરકારના નિષેધ અર્થે મફતમાં લોકલ ટ્રેનમાં મુસાફરી કરીને સવિનય કાનૂનભંગ આંદોલન કરશે.

મહારાષ્ટ્રમાં ઑક્સિજનના અભાવે એક પણ મૃત્યુ થયું ન હોવાનું પ્રતિજ્ઞાપત્ર રાજ્ય સરકારે જ ન્યાયાલયમાં આપ્યું હોવાથી મોરચા સરકારનું જુઠ્ઠાણાપણું ફરી છતું થયેલ છે. કેન્દ્ર સરકાર ઑક્સિજનનો પૂરતો પુરવઠો આપતી ન હોવાનો આક્ષેપ મોરચા સરકારના મુખ્ય પ્રધાન અને અમુક મંત્રીઓ કરી રહ્યા હતાં. કૉંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ નાના પટોળેએ તેમના પર નજર રાખવામાં આવી હોવાનો આક્ષેપ બાબતે કૉંગ્રેસનો ટેકો હોવા પર સત્તામાં રહેલ મોરચા સરકારે હજૂ સુધી કોઈ સ્પષ્ટીકરણ આપેલ નથી. રાજ્ય સરકારે પટોળેના આરોપો સંદર્ભે તાત્કાલિક ખુલાસો કરવો અને પટોળેનાં આરોપોની તપાસ કરવી આ મુજબની માગણી પણ કેશવ ઉપાધ્યેએ કરેલ છે. ■


**૧૭ મી પુણ્યતિથિએ પુષ્પાંજલી**



**શ્રી નાનજી માવજી ગડા**
કચ્છ: રાયધણજર ● મુંબઈ: વિલેપાર્લા
સ્વર્ગારોહણ : તા. ૨૩.૭.૨૦૦૪
આપની ધૂપસળી સમાન જીવનની સુહાસ સદાય મહેક પ્રસરાવતી રહેશે. આપના દિવ્ય આત્માને વંદન સહ ભાવભીની શ્રધ્ધાંજલી - પુષ્પાંજલી.
લિ. પ્રેમાળ સ્મૃતિમાં
**આપનો બાગબાન**


# વરલીના ફ્લૅટમાં પતિ-પત્નીના મૃતદેહ મળ્યા

*મુંબઈ:* દક્ષિણ મુંબઈની બૅન્કમાં કામ કરતા દંપતીના મૃતદેહ વરલી સ્થિત ભાડેના ફ્લૅટમાંથી મળી આવ્યા હતા. પ્રથમદર્શી બન્નેએ આત્મહત્યા કરી હોવાનું જણાઈ રહ્યું છે, એવો દાવો પોલીસે કર્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ મૃતકોની ઓળખ અજય કુમાર (૩૦) અને પત્ની સુજ્જા તરીકે થઈ હતી. ફોર્ટ વિસ્તારમાં આવેલી બૅન્કમાં કામ કરતું દંપતી વરલી નાકા નજીકના ભારત મિલ કૉમ્પ્લેક્સમાં ભાડેના ફ્લૅટમાં રહેતું હતું. બન્નેના મૃતદેહ ફ્લૅટમાંથી બુધવારે રાતે મળી આવ્યા હતા. પોસ્ટમોર્ટમ માટે મૃતદેહોને નાયર હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

મૂળ કેરળના દંપતીનાં લગ્ન દસેક મહિના અગાઉ જ થયાં હતાં. એપ્રિલ-મે, ૨૦૨૧માં દંપતી કોરોના પોઝિટિવ હોવાનું જણાયું હતું. કોરોના થયા બાદથી દંપતી હતાશ રહેવા લાગ્યું હતું. હતાશામાં જ તેમણે જીવન ટૂંકાવ્યું હોવાની શંકા પોલીસે વ્યક્ત કરી હતી.

કેરળમાં રહેતી સુજ્જાની માતા બુધવારે બપોરે બાર વાગ્યાથી તેને ફોન કરી રહી હતી. જોકે સુજ્જાએ ફોન રિસીવ ન કરતાં એ જ ઈમારતમાં રહેતી સુજ્જાની બહેનપણીને માતાએ કૉલ કર્યો હતો. બહેનપણી ફ્લૅટ પર પહોંચી તો દરવાજો અંદરથી બંધ હોવાનું જણાયું હતું. પડોશીઓની મદદથી દરવાજો ખોલવામાં આવતાં અજયનો મૃતદેહ રસોડામાં અને સુજ્જાનો મૃતદેહ હૉલ અને બાથરૂમ વચ્ચેના પેસેજમાંથી મળી આવ્યો હતો. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે. ■



**આગ હી આગ!!!:** મઝગાંવમાં ગંગાનાથ ચાલીમાં ગુરુવારે અચાનક આગ ફાટી નીકળી હતી. સદનસીબે આગમાં કોઈ જાનહાની થઈ નહોતી. પરંતુ ઘરને મોટાપાયા પર નુકસાન થયું હતું. ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચે તે પહેલા જ સ્થાનિક લોકોએ આગ બુઝાવાની કામગીરી હાથ ધરી હતી. (જયપ્રકાળ કેળકર)

# ૧૩ જાતના ફળના વૃક્ષો સમૃદ્ધિ માર્ગ પર ઉગાડાશે નહીં

*મુંબઈ:* મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એમએસઆરડીસી) દ્વારા મુંબઈ-નાગપુર એક્સપ્રેસ વે-સમૃદ્ધિ મહામાર્ગ ૧૩ ફળના વૃક્ષો ઉગાડવા પર પ્રતિબંધ મૂકવામા આવ્યો છે. આમ કરવાથી જંગલી જાનવરો આ રસ્તા પર આવવા તરફ આકર્ષિત નહીં થાય અને અકસ્માતમાં ઘટાડો થશે. શહેરી વિકાસ વિભાગના પ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે આ એક્સપ્રેસ વે એ રીતે ડિઝાઈન કરવામાં આવ્યો છે કે જેથી આસપાસના વિસ્તારોમાંથી જંગલી જાનવરો અહીં ન આવે. કુલ ૯૬ વાઈલ્ડલાઈફ સ્ટ્રક્ચર, સાત ઑવરપાસ બ્રિજ, ૮૯ અન્ડરપાસ અને અન્ય બ્રિજ જાનવરોને એક જગ્યાથી બીજી જગ્યાએ ફરવા માટે બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત આ ૧૩ ફળના વૃક્ષ જેવા કે કાજુ, કેરી, જાવા પ્લમ, સંતરા, ખજૂર વગેરે વૃક્ષનો સમાવેશ થાય છે. જોકે, ૧૧.૩૧ લાખ વૃક્ષ બન્ને બાજુએ ઉગાડવામાં આવ્યા છે. ■


સહજાત્મસ્વરૂપ પરમગુરૂ



દેહ પરિવર્તન ૧૮.૦૭.૨૦૨૧
**સ્વ. મહેન્દ્રભાઈ દોશી - (બાપુ)**
શ્રીમદ્ રાજચંદ્ર સત્સંગ મંડળ (સાંતાક્રુઝ-પાર્લા-અંધેરી) ના ઉપક્રમે
સ્વ. મહેન્દ્રભાઈ દોશી - (બાપુ) ના સ્મરણાર્થે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર પારાયણ
શનિવાર તા. ૨૪.૦૭.૨૦૨૧ સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ વાગે.
YouTube link details: https://youtu.be/NmLTFUGEOhk


# ભાજપના ૧૨ વિધાનસભ્ય સુપ્રીમ કોર્ટને શરણે

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* મુંબઈના ચાર સહિત મહારાષ્ટ્રના ભાજપના બાર વિધાનસભ્યએ ગુરુવારે સુપ્રીમ કોર્ટમાં મહારાષ્ટ્ર વિધાનમંડળે કરેલા નિર્ણય સામે ધા નાખી હતી. રાજ્ય સરકારે યોજેલા બે દિવસીય ચોમાસું સત્ર દરમિયાન પ્રિસાઈડિંગ ઓફિસર સાથે ગેરવર્તણૂક કરવા બદલ ૧૨ સભ્યને એક વર્ષ માટે સસ્પેન્ડ કર્યા હતા અને મુંબઈ કે નાગપુર વિધાનસભામાં ભાગ લેવા અને વિધાનભવનના પરિસરમાં પ્રવેશ મામલે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ પ્રતિબંધ માત્ર રાજકીય હેતુથી હોવાનો અને વિધાનસભામાં ભાજપના સભ્યોનું સંખ્યાબળ ઓછું કરવાનો આક્ષેપ વિધાનસભાના વિરોધપક્ષના નેતા દેવેન્દ્ર ફડણવીસે કર્યો હતો અને આ નિર્ણયનો જબરો વિરોધ થયો હતો. આ વિરોધ બાદ ગુરુવારે મુંબઈ બાન્દ્રાના વિધાનસભ્ય આશિષ શેલારે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. આ અંગે કાંદિવલીના વિધાનસભ્ય યોગેશ સાગરે જણાવ્યું હતું કે કોર્ટે અમારી અરજી સ્વીકારી હતી અને આગામી સમયમાં સુનાવણી માટે તારીખ ફાળવવામાં આવશે. આ સસ્પેન્શન ગેરબંધારણીય અને ગેરકાયદે હોવાનો દાવો અરજીમાં કરવામાં આવ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. ■

# સચિન વાઝેની પુનઃનિયુક્તિ અને પોલીસ બદલી મામલે સીબીઆઈ પૂછપરછ કરી શકે: હાઈ કોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* બૉમ્બે હાઈકોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે સચિન વાઝેના પોલીસફોર્સમાં પુનઃનિયુક્તિ તેમ જ પોલીસ અધિકારીઓની બદલી અને તેની સાથે ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખના સબંધ અંગેની તપાસ સીબીઆઈ કરી શકે છે. મહારાષ્ટ્ર સરકારના ઉપરોક્ત બે મામલે સીબીઆઈને તપાસ કરવાની પરવાનગી ન આપવાની વિનંતી કરતી અરજીને કોર્ટે ફગાવી દીધી હતી. કોર્ટે જણાવ્યું હતું કે પંદર વર્ષ બાદ વાઝેની નિયુક્તિ અને પોલીસફોર્સમા અધિકારીઓની બદલીને દેશમુખ અને તેમના સાથીઓ સાથે સંબંધ છે, તેથી આ અંગે સીબીઆઈ પૂછપરછ કરી શકે છે, તેવો મત અમે ધરાવીએ છીએ. ■


**૧૩મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી**



દેહ વિલય - ૨૩/૦૭/૨૦૦૮
**સ્વ. માતુશ્રી અજબદેવી દાવરા**
જીવનની દરેક ક્ષણે વાત્સલ્ય, શ્રદ્ધા અને સ્નેહભર્યા આપના સ્વભાવને યાદ કરીએ છીએ.
પ્રભુ આપના પુણ્યશાળી આત્માને શાંતિ આપે એજ - અભ્યર્થના
લી. પુત્રો અને પુત્રી તથા દાવરા પરીવાર


# પરમબીર સિંહ સહિત છ પોલીસ સામે ખંડણીનો ગુનો નોંધાયો

*મુંબઈ:* ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખ સામે વસૂલીના આરોપ કરનારા ભૂતપૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહ વધુ મુશ્કેલીમાં સપડાયા હતા. ઉપરાછાપરી ગુના નોંધાવાને કારણે મુસીબતમાં મુકાયેલા પરમબીર સિંહ વિરુદ્ધ મુંબઈની મરીન ડ્રાઈવ પોલીસે ખંડણીનો ગુનો નોંધ્યો હતો. કેસ પાછા ખેંચવા માટે થાણેના બિલ્ડર પાસેથી ૧૫ કરોડ રૂપિયા માગવામાં આવ્યા હોવાનો આક્ષેપ થતાં સિંહ સહિત છ પોલીસ અધિકારી અને અન્ય બે જણ સામે એફઆઈઆર નોંધી પોલીસે બે આરોપીની ધરપકડ કરી હતી. વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે બિલ્ડરની ફરિયાદને આધારે આ પ્રકરણે દક્ષિણ મુંબઈના મરીન ડ્રાઈવ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. એફઆઈઆરમાં આરોપી તરીકે નોંધવામાં આવેલા અન્ય પાંચ પોલીસ અધિકારીમાં ડેપ્યુટી પોલીસ કમિશનર (ક્રાઈમ બ્રાન્ચ) અકબર પઠાણ, ઈન્સ્પેક્ટર શ્રીકાંત શિંદે, આશા કોરકે, નંદકુમાર ગોપાળે અને સંજય પાટીલનો સમાવેશ થાય છે. આ કેસમાં બિલ્ડરના બે ભાગીદાર સુનીલ જૈન અને સંજય પુનમિયાની ધરપકડ કરવામાં આવી હતી. ફરિયાદ અનુસાર જૈન અને પુનમિયાએ પોલીસ અધિકારીઓ સાથે મળીને કાવતરું ઘડ્યું હતું અને ફરિયાદી બિલ્ડર વિરુદ્ધના કેસો પાછા ખેંચવા માટે તેની પાસેથી ૧૫ કરોડ રૂપિયાની માગણી કરી હતી, એમ અધિકારીનું કહેવું છે. બિલ્ડરે પોતાની ફરિયાદમાં ભૂતપૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહ સહિત અન્યોનાં નામ જણાવ્યાં હતાં. પોલીસે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૮૭, ૩૮૮, ૩૮૯, ૪૨૦, ૧૨૦-બી, ૪૦૩, ૪૦૯, ૪૨૩, ૪૬૪, ૪૬૫, ૪૬૭, ૪૬૮ અને ૪૭૧ હેઠળ ગુનો નોંધ્યો હતો. (પીટીઆઈ) ■

# જલયુક્ત શિવારની એસીબી પૂછપરછનો નિર્ણય ફડણવીસે આવકાર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* ભતપૂર્વ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જલયુક્ત શિવાર પ્રોજેક્ટની એન્ટિ કરપ્શન બ્યૂરો દ્વારા તપાસના રાજ્ય સરકારના નિર્ણયને આવકાર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે મુખ્ય પ્રદાન તરીકે ફડણવીસની આ સૌથી વધારે મહત્ત્વાકાંક્ષી યોજના હતી. રાજ્ય સરકારે આ અંતર્ગત થયેલા ૯૦૦ કામની તપાસનો આદેશ આપ્યો હતો. ફડણવીસે આ અંગે પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે હુ આ તપાસના નિર્ણયને આવકારું છું. મારા કાર્યકાળ દરમિયાન પણ ગેરરીતિ સામે આવતા મેં ૬૦૦ કોન્ટ્રાક્ટ સામે પૂછપરછ કરાવી હતી. દરેક જિલ્લામાં કલેક્ટરને રૂ. ૧થી ૧.૨૫ લાખના કામ આપવામાં આવ્યા હતા. રાજ્ય સરકારે બુધવારે સમગ્ર પ્રોજેક્ટના ૯૦૦ કામની એસીબી તપાસ કરવાનું કહ્યું હતું.

કૉંગ્રેસના પ્રવક્તા સચિન સાવંતે જણાવ્યું હતું કે કૅગના અહેવાલ બાદ રાજ્ય સરકારે રચેલી કમિટીએ પણ ગેરરીતિ થઈ હોવાનું જણાવ્યું છે. ■


**રાજકોટમાં જમીન જોઈએ છે**
કાલાવડ રોડ, જામનગર રોડ, મોરબી રોડ, ગોંડલ રોડ, કુવાડવા રોડ, રૈયા.
પ્લોટ, નાના મોટા અથવા ખેતર વેચવા કોન્ટેક કરો.
કિર્તીભાઈ કંસારા
98251 60974
70467 10111


# પુણે કેન્ટોન્મેન્ટ બોર્ડના ભૂતપૂર્વ સભ્યની ધરપકડ

*પુણે:* રીઢા આરોપીની હત્યા માટેનો કથિત કોન્ટ્રાક્ટ આપવા પ્રકરણે પોલીસે પુણે કેન્ટોન્મેન્ટ બોર્ડના ભૂતપૂર્વ સભ્ય વિવેક યાદવની ધરપકડ કરી હતી.

કોંઢવા પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર સરદાર પાટીલે જણાવ્યું હતું કે યાદવને બુધવારે રાતે ગુજરાતની સીમાએથી પકડી પાડવામાં આવ્યો હતો અને પુણે લાવી તેની પૂછપરછ કરવામાં આવી હતી.

કોંઢવા પોલીસે તાજેતરમાં બે ક્રિમિનલ રાજમણિ અને શેખને પકડી પાડ્યા બાદ રેકોર્ડ પરના આરોપી બબલુ ગવળીની હત્યાની યોજનામાં યાદવની ભૂમિકા હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. બન્ને આરોપી પાસેથી પોલીસને શસ્ત્રો અને એક વ્યક્તિની હત્યાના કોન્ટ્રાક્ટ સંબંધિત ચૅટ મળી આવી હતી. તપાસ દરમિયાન પોલીસને ગવળીની હત્યાની યોજનાને લગતી રાજમણિ અને યાદવ વચ્ચે થયેલી ચૅટિંગ મળી આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ ૨૦૧૬માં ગોળીબાર કરી ગવળીએ યાદવની હત્યાનો પ્રયાસ કર્યો હતો.

આ હુમલાનો બદલો લેવા યાદવે બે ક્રિમિનલને સુપારી આપી હતી. યાદવની ભૂમિકા પ્રકાશમાં આવ્યા બાદ તેને શોધી કાઢવા પોલીસની બે ટીમ બનાવવામાં આવી હતી.

મળેલી માહિતીને આધારે પોલીસની એક ટીમ ગુજરાત બોર્ડર પર ગઈ હતી અને યાદવને પકડી પાડ્યો હતો. (પીટીઆઈ) ■





Venues in Mumbai
• New Marine Lines: Shri Sunderbai Hall, Behind Income Tax Office - 400 020
• Borivali (West): Shyamkunj Banquet Hall, Shree Shyamkunj Haveli Hall, Chandavarkar Road, Next To BMC R-C Office, Behind Dattani Trade Centre - 400 092
• Kandivali (East): Nirmala Hall, Thakur Complex, 90 Ft Road - 400 101
• Vile Parle (West): Fabiani Art Gallery, Next to Alfa, Irla, S.V. Road - 400 056
• Ghatkopar (West): Paramkeshav Bagh, Near Munisurvat Derasar, Nauroji Lane - 400 085
• Chembur: Mahila Samaj Hall, D.K. Sandu Marg, Near Sai Baba Temple - 400 071
• Navi Mumbai (Vashi): Daivadnya Bhawan, Sector 9/A, Near Vashi Bus Depot, Behind Jain Temple - 400 703
• Thane (West): Celebration Hall, Service Road, Near Modi Showroom, Panchpakhadi - 400 602
• Thane (West): Golden Banquet, Ghodhbunder Road, Above SBI Bank, Opp. Suraj Water Park - 400 615
Org. by: ALSTYLE